**<u>રાજયની ગ્રામ પંચાયતોને જકાત વળતરના અનુદાનની રકમમાં વધારો આપવા બાબત.</u>**

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક :નપફ–૨૦૦૪–૧૩૭૨–ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૨૧–૩–૨૦૦૭

<u>વંચાણે લીધાઃ–</u>

(૧) પં.ગ્રા.વિ.અને ગ્રા.વિ. વિભાગના વટહુકમ ક્રમાંકઃ ૪/૨૦૧ તા.૩૦–૪–૨૦૦૧.

(૨) પં.ગ્રા.વિ.અને ગ્રા.વિ.વિભાગના કાયદા નં.૧૨/૨૦૦૧ તા.૬–૮–૨૦૦૧ તા.૬–૮–૨૦૦૧

(૩) પં.ગ્રા.વિ.અને ગ્રા.વિ.વિભાગના ઠરાવ ક્રમાંકઃ-નપફ–૩૫૯૮–૫૦૭૪–પાર્ટ–૨–ચ. તા.૨૪–૫–૨૦૦૧

(૪) પં.ગ્રા.વિ.અને ગ્રા.વિ.વિભાગના નપફ–૩૫૯૮–૫૦૭૪–(પાર્ટ–૨) તા.૨૯–૫–૨૦૦૧

(૫) પં.ગ્રા.વિ.અને ગ્રા.વિ.વિભાગના ઠરાવ ક્રમાંકઃ નપફ–૩૫૯૮–૫૦૭૪–(પાર્ટ–૨)ચ, તા.૧૫–૩–૨૦૦૨

(૬) પં.ગ્રા.વિ.અને ગ્રા.વિ.વિભાગની યાદી ક્રમાંકઃ પરચ–૧૨૦૫–૪૫૯૯–ચ–તા.૨૫–૧૦–૦૬

(૭) શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગના ઠરાવ ક્રમાંકઃનપબ–૪૫૦૪–૩૭૦–મ, તા.૭–૫–૦૪

(૮) શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગના સુધારા ઠરાવ ક્રમાંકઃનપબ–૪૫૦૪–૩૭૦–મ, તા.૧–૩–૦૭

---

ઠ રા વ :–

રાજયના ગ્રામ પંચાયત વિસ્તારમાંથી તા.૧–૫–૨૦૦૧થી રાજયની ગ્રામ પંચાયતો ધ્વારા ઉઘરાવાતી જકાત નાબુદ કરવાનો નિર્ણય વંચાણે લીધેલ. સંદર્ભ (૧)માં દર્શાવેલ વટહુકમથી અને સંદર્ભ(૨)માંથી ગુજરાત પંચાયત અધિનિયમ કાયદાકીય જોગવાઈઓ રદ કરવામાં આવેલ છે તે સંદર્ભમાં

(૧) જકાત નાબુદીના પરીણામે અગાઉ જકાત ઉઘરાવતી ગ્રામ પંચાયતોને થનાર નુકશાન સામે વળતર ચુકવવા જે ગ્રામ પંચાયતો જકાત ઉઘરાવે છે તે ગ્રામ પંચાયતોને છેલ્લા ૩ વર્ષની ઓકટ્રોયની આવકની સરેરાશને પાયાનું વર્ષ ગણીને તે મુજબ વળતર રકમ ચુકવવામાં આવે છે

(૨) જકાત નાબુદી અગાઉ જે ગ્રામ પંચાયતો જકાત ઉઘરાવતી ન હતી તેવી ગ્રામ પંચાયતને વાર્ષિક રૂ.૫/– લેખે નાણાંકીય સહાય ચુકવવાનો નિર્ણય સરકારે કરેલ હતો.

જકાત નાબુદી તા.૧–૫–૨૦૦૧ થી એટલે કે સને ૨૦૦૧–૦૨ના વર્ષથી કરવામાં આવેલ તથા ઉપર મુજબના ધોરણોસરના લેવાયેલ નિર્ણય

મુજબ ગ્રામ પંચાયતને વળતર સહાય ચુકવવામાં આવે છે.આ ગ્રામ પંચાયતોને આ વળતર સહાયની રકમમાં પ્રતિ વર્ષ વધારો ચુકવવાનો ન હોવાથી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગમાં ૭ % વધારાની ચુકવાતી વધારાની ગ્રાન્ટના ધોરણે સહાય ચુકવવા રજુઆત કરવામાં આવેલ દરમ્યાનમાં આ સંદર્ભમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ આ અનુદાનની ચુકવણી અંગે તેઓના તા.૭–૫–૦૪ના ઠરાવના સંદર્ભમાં ક્રમાંક:(૭) ઠરાવથી માન. મંત્રીશ્રી(શ.વિ.)ના અધ્યક્ષપણા હેઠળની રચના કરવામાં આવેલ આ સમિતિની ભલામણો સરકારશ્રી સમક્ષ રજુ કરેલ જેના સંદર્ભમાં રાજય સરકારે પુખ્ત વિચારણાને અંગે નીચે મુજબનો નિર્ણય લીધેલ છે:–

પંચાયત વિસ્તારમાંથી જકાત નાબુદીનો નિર્ણય લેવામાં આવેલ ત્યારે પંચાયતોને આપવામાં આવતી જકાત વળતર અનુદાનની રકમમાં કોઈ વાર્ષિક વધારો આપવામાં આવતો ન હતો. પંચાયતોને પણ વાર્ષિક વધારો આપવા બાબતે પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ અને નાણા વિભાગે વિચારણા કરેલ અને પંચાયતોને નીચે જણાવ્યા પ્રમાણે વાર્ષિક વધારો આપવા બાબતે સુચવેલ છે.

(૧) જે ગ્રામ પંચાયતો ઓકટ્રોય ઉઘરાવેલ છે તે ગ્રામ પંચાયતોને છેલ્લા ત્રણ વર્ષની આવકની સરેરાશ રકમમાં–

વર્ષ ૨૦૦૪–૦૫માં વાર્ષિક ૩.૫ ટકા વધારો આપવો.
વર્ષ ૨૦૦૫–૦૬માં વાર્ષિક ૩.૫ ટકા વધારો આપવો.
વર્ષ ૨૦૦૬–૦૭માં વાર્ષિક ૭ ટકા વધારો આપવો.

(૨) જે ગ્રામ પંચાયતો ઓકટ્રોય ઉઘરાવતી નથી તેવી ગ્રામ પંચાયતોને માથા દીઠ રૂ.૫/– લેખે વર્ષ ૨૦૦૪–૦૫માં સને ૧૯૯૧ની વસ્તીના ધોરણે તેમજ વર્ષ ૨૦૦૫–૦૬ થી સને ૨૦૦૧ની વસ્તીના ધોરણે ચુકવણી કરવાની રહેશે.

(૩) ઉપર મુજબનો વધારો સને ૨૦૦૬–૦૭ના વર્ષ સુધી આપવાનો રહેશે. તથા ત્યારબાદ પુન:સમીક્ષા કરવાની રહેશે.

(૪) ગ્રામ પંચાયતમાંથી રૂપાંતરીત થયેલ નગરપાલિકાઓ અંગે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧–૩–૦૭ના સંદર્ભ(૮)માં દર્શાવેલ વિગતો મુજબ અમલ કરવાનો રહેશે.

ઉપર મુજબ ગ્રામ પંચાયતોને જકાત વળતર અનુદાનની રકમની ચુકવણી વિકાસ કમિશનરશ્રી,ગાંધીનગર મારફત કરવાની રહેશે. તેમજ જકાત વળતર અનુદાનની રકમના હિસાબો અને ખર્ચના મેળવણાની કામગીરી પણ વિકાસ કમિશનરશ્રી, ગાંધીનગરે જ કરવાની રહેશે.

જકાત વળતર અનુદાનની રકમ માંગણી ક્રમાંકઃ ૭૨ મુખ્ય સદર ૩૬૦૪–સ્થાનિક સંસ્થાને વળતર અને પંચાયતી રાજ સંસ્થાઓને વળતર તથા સોંપણી ગૌણ સદર–૨૦૦–અન્ય પરચુરણ વળતર અને સોંપણી–પેટા સદર(૬) જકાત નાબુદી કરવાને લીધે પંચાયતોને વળતર અને એકસ ગ્રેશીયા ચુકવણી (આયોજન બહાર) હેઠળ બજેટ સદરે ઉધરાવાની રહેશે અને તેસદરે મંજુર થયેલ ગ્રાન્ટમાંથી [illegible]વાનો રહેશે.

આ હુકમો સંયુકત રીતે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની વંચાણે લીધેલ હુકમ ક્રમાંકઃ(૮)માં દર્શાવેલ ફાઈલ ક્રમાંકઃ નપલ–૪૫૦૪--૩૭૦–મ પર નાણાં વિભાગની તા.૭–૧૨–૨૦૦૬ની નોંધથી મળેલ સંમતિના આધારે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એસ.પટેલ)
ખાસ ફરજ પરના અધિકારી અને હોદ્દાની રૂએ
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

નકલ રવાના:–

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન.મીશ્રી(નાણા)ના અંગત સીચવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(ગ્રા.વિ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી(આર્થિક બાબતો)નઅંગત સચિવશ્રી,નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- નાણાંકીય સલાહકારશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ. સચિવાલય,ગાંધીનગર.
- વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી સર્વે.
- મુખ્ય હિસાબી અધિકારીશ્રી, વિકાસ કમિશનરશ્રી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર, જકાત વળતર અનુદાનની રકમ ગ્રામ પંચાયતોને ચુકવવાની જરૂરી કાર્યવાહી અર્થે.
- એકાઉન્ટનટ જનરલશ્રી,ગુજરાત રાજ્ય,અમદાવાદ / રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી,(બજેટ શાખા /ર શાખા) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય,ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ.
- નાયબ સચિવશ્રી, સિલેકટ ફાઈલ.